# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-03-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM CII

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉદ્યોગો માટે હરિત ઉર્જા પૂરી પાડવા પર સરકારનું વિશેષ ધ્યાન હોવાનું જણાવ્યું છે. અમદાવાદ ખાતે ભારતીય ઉદ્યોગ મહાસંઘ-C.I.I દ્વારા યોજાયેલી વાર્ષિક બેઠકમાં શ્રી પટેલે જણાવ્યું કે ગઈ વાઇબ્રન્ટ સમિટમાં 50 ટકા સમજૂતી કરાર-MOU હરિત ઉર્જા પર થયા હતા. વૈશ્વિક સ્પર્ધામાં ગુણવત્તા પર વિશેષ ધ્યાન આપવું પણ ઘણું મહત્વનું હોવાનું શ્રી પટેલે ઉમેર્યું હતું .

(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ – મુખ્યમંત્રી)

# ANURADHA AGRAVAL-RNU AHMEDABAD

નેશનલ અકેડમી ઑફ બ્રોડકાસ્ટિંગ મીડિયા, N.A.B.M નવી દિલ્હીનાં અધિક મહાનિદેશિકા અનુરાધા અગ્રવાલે આજે આકાશવાણી અમદાવાદની મુલાકાત લીધી અને વિવિધ વિભાગોમાં ચાલી રહેલી કામગીરીનો તાગ મેળવ્યો. સુશ્રી અગ્રવાલે 'એક પેડ મા કે નામ' અંતર્ગત કાર્યાલય પરિસરમાં વૃક્ષારોપણ પણ કર્યું.

આ પ્રસંગે, તેમણે કહ્યું, બદલાતી ટેકનોલૉજી અને આવનારા સમયમાં માનવ સંશાધનના પડકારોને ધ્યાનમાં લઈ અધિકારી કર્મચારીઓને N.A.B.M. દ્વારા ભવિષ્યલક્ષી તાલીમ અપાશે, જેથી સંસાધનોનો અસરકારક ઉપયોગ સુનિશ્ચિત થશે.

(બાઇટ- અનુરાધા અગ્રવાલ)

આ પ્રસંગે કાર્યાલય અધ્યક્ષ એન. એલ. ચૌહાણ, પ્રાદેશિક સમાચાર વિભાગના ઉપ-નિદેશક ડૉ. ચિરાગ ભોરણિયા તેમ જ કાર્યક્રમ અને એન્જિનિયરિંગ વિભાગના ઉચ્ચ અધિકારી અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# PANSHERIYA ON DHANDHUKHA

અમદાવાદ જિલ્લાના ધંધુકામાં એક છાત્રાલયમાં એક વિદ્યાર્થી સાથે થયેલી ગેરવર્તણૂકની ઘટનાને શિક્ષણ રાજ્યમંત્રી પ્રફૂલ પાનશેરિયાએ શરમજનક ગણાવી હતી. આ અંગે પ્રતિક્રિયા આપતા તેમણે કહ્યું, આ સમગ્ર મામલે તપાસ કરી જવાબદાર લોકો સામે કાર્યવાહી કરાશે.

# PANCHMAHAL ACCIDENT

પંચમહાલના ઘોઘમ્બામાં ટ્રેક્ટર અને લક્ઝરી બસ વચ્ચેના અકસ્માતમાં એક યુવકનું મોત નીપજ્યું છે. પંચમહાલના અમારા પ્રતિનિધિ વિપુલ પૂરોહિત જણાવે છે, ઘોઘમ્બામાં રહેતા 18 વર્ષના એક શ્રમિક ટ્રેક્ટરમાં જઈ રહ્યા હતા. ત્યારે ગોધરાના દયાળ કાંકરા ગામ પાસે તેમનું ટ્રેક્ટર ખાનગી લક્ઝરી બસ સાથે અથડાયું હતું. દરમ્યાન તેમને ગંભીર ઈજા થતાં ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. આ અંગે લક્ઝરી બસચાલક સામે ગોધરા તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

# ST EXTRA BUS

રાજ્યભરમાં હોળી-ધૂળેટીના તહેવારને ધ્યાનમાં રાખી ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ- G.S.R.T.C. દ્વારા એસ.ટી. બસના વધારાના ફેરા કરાશે. નિગમ દ્વારા હાલમાં 65 બસના ફેરાનું આયોજન કરાયું છે. જ્યારે ડાકોર જવા 400 જેટલી બસ થકી ત્રણ હજાર ફેરા કરાશે. બીજી તરફ ડ્રાઈવર અને કન્ડક્ટરોએ પણ આગામી ચાર દિવસ સુધી પોતાની રજાઓ રદ કરી છે. વાહન વ્યવહાર રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આ અંગે માહિતી આપી.

(બાઈટઃ હર્ષ સંઘવી, વાહન વ્યવહાર રાજ્યમંત્રી)

# BOTAD DHULETI

બોટાદ જિલ્લામાં આવેલા સુપ્રસિદ્ધ શ્રી સાળંગપુર ધામમાં 14 માર્ચે પૂનમના દિવસે રાજ્યનો સૌથી મોટો રંગોત્સવ ઉજવાશે. બોટાદના અમારા પ્રતિનિધિ પ્રકાશ ભિમાણી જણાવે છે, હોળીના દિવસે હનુમાન દાદાને વિશેષ શણગારની સાથે સાત પ્રકારના 51 હજાર કિલો રંગ અર્પણ કરાશે. આ રંગોત્સવમાં 11-થી વધુ દેશ સહિત રાજ્યભર અને અન્ય રાજ્યના લાખો ભક્તો પણ જોડાશે. હાલમાં ભક્તો અને સંતો ઉજવણીની તૈયારીમાં જોડાયા છે.

# BANASKANTHA VAVNI

બનાસકાંઠા જિલ્લામાં ખેડૂતોએ ઉનાળુ બાજરી અને જુવારની વાવણી શરૂ કરી દીધી છે. વાતાવરણમાં ફેરફાર થતાં મોટાભાગના ખેડૂતો બાજરી અને જુવારની ખેતી માટે વાવેતર કરી રહ્યા છે. થરાદ, વાવ, સૂઇગામ, ભાભર, દિયોદર, ડીસા, ધાનેરા સહિતના તાલુકામાં બાજરીનું મોટા પ્રમાણમાં વાવેતર કરાય છે.

# SURENDRANAGAR CHOTILA UTSAV

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા ખાતે આવતીકાલથી યોજાનારા બે દિવસના "ચોટીલા ઉત્સવ" નો પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરા પ્રારંભ કરાવશે. આ ઉત્સવમાં હોળી નૃત્ય, ગરબા નૃત્ય, લોકગીતો જેવા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.

# PANCHMAHAL ROJGAR MELO

પંચમહાલ જિલ્લામાં ગોધરા–દાહોદ રાજમાર્ગ પર આવેલા ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન ખાતે આવતીકાલે રોજગાર ભરતી મેળો યોજાશે. મેળામાં ધોરણ 10, 12 પાસ, ઔદ્યોગિક તાલીમ સંસ્થા- I.T.I., ડિપ્લોમા અને સ્નાતકની લાયકાત ધરાવતા તેમ જ દિવ્યાંગતાના આધારે 18થી 32 વર્ષની વય ધરાવતા ઈચ્છુક ઉમેદવારોને તક અપાશે. ઉમેદવારોને બાયોડેટા, શૈક્ષણિક લાયકાત અને અનુભવના પ્રમાણપત્રની નકલ સાથે મેળામાં આવવા રોજગાર કચેરીની યાદીમાં જણાવાયું છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)